ગાંધીનગર સમાચાર

લાયન્સ કલબ દ્વારા મેડીકલ હેલ્પલાઈન શરૂ કરાશે

# સિવિલના રસોડાની દિવાલોની ટાઈલ્સ ઉખડી



ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં નવા બિલ્ડીંગમાં કાર્યરત રસોડાની દિવાલોની ટાઈલ્સો ઉખડી ગઈ છે. આ રસોડાને કાર્યરત થયે માંડ એક મહિના જેટલો સમય થયો હશે ત્યારે પીઆઈયુ વિભાગની ક્ષતિઓ બહાર આવી રહી છે. રસોડાની ટાઈલ્સો દિવાલોમાં ઝડપી ચોટાડવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં વર્ષોથી ગ્રાઉન્ડ ફલોર પર રસોડું કાર્યરત હતું. જયાથી સવાર સાંજ દર્દીઓ માટે જમવાનું તેમજ નાસ્તો જતો હતો. પરંતુ નવા બિલ્ડીંગમાં અત્યંત આધુનિક રસોડુ નિર્માણ પામતા તાજેતરમાં જ ગ્રાઉન્ડ ફલોરથી રસોડુ નવા બિલ્ડીગમાં પ્રથમ માળે શીફટ કરવામાં આવ્યું છે. ત્યારે નવા ઈમારતમાં તો રોજ ધાંધિયા પીઆઈયુના બહાર આવે છે તેમાં એક નવો ઉમેરો થવા પામ્યો છે. રસોડામાં આવેલી દિવોલો પર ચિપકાવેલી ટાઈલ્સો ઉખડી જવા પામી છે. નવું રસોડુ નવા બિલ્ડીંગમાં ઉભુ કરવામાં આવ્યું છે તાજેતરમાં જ શીફટ કરવાની કામગીરી કરવામાં આવી છે ત્યારે ટુંક સમયમાં આ બનાવ બનતા સૌ કોઈ અચરજ પામ્યા છે. રસોડામાં ઉખડી ગયેલી ટાઈલ્સ હોસ્પિટલના પીઆઈયુ વિભાગ દ્વારા ઝડપી કામગીરી કરીને ફરીવાર દિવાલ પર ચોંટાડવામાં આવે તેવુ લાભાર્થીઓ ઈચ્છી રહ્યા છે. નવા બિલ્ડીંગમાં રોજ બરોજ પાણીના પોંકાર તો ઉઠવા પામે છે. ગટરો ઉભરાય, પોપડા પડવા સહિતની મુસીબત સર્જાય છે. રસોડુ જુની જગ્યાએ હતું તો વધુ સલામતીયુકત હતું. જયારે નવા બિલ્ડીગમાં માંડ હજુ શરુ કર્યે એક મહિના જેટલો સમય થવા પામ્યો છે ત્યારે ટાઈલ્સ ઉખડી પડી છે તે નવાઈ પમાડે છે.

## @ગાંધીનગર

● રમઝાન માસ નિમિત્તે શહેરી ૪.૨૨ કલાકે પૂર્ણ થશે અને ઈફતાર સમય ૭.૩૧ કલાકનો રહેશે.

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા રાત્રે ૯.૪૫ કલાકે ‘નો એકઝીટ’ નાટક, સે-૧૭, ટાઉનહોલ ખાતે યોજાશે.

● ગુજરાત ઈન્ડસ્ટ્રીયસ સિકયુરીટી કોર્સ સોસાયટી નવા સચિવાલય યુનિટ દ્વારા સવારે ૧૦ કલાકે બ્લોક નં. ૫ના ભોંયતળીયે વિશ્વ યોગ દિન સપ્તાહની ઉજવણી તથા કર્મચારી નિવૃત્તિનો કાર્યક્રમ યોજાશે.

● અખિલ ભારત અનુ. જાતિ તથા અનુ. જન જાતિ માનવ વિકાસ પરિષદ દ્વારા શનિવારના રોજ બપોરના ૩.૩૦ કલાકે પ્લોટ નં. ૧૭૫૭/૨, સે-૨-ડી ખાતે પરિષદની બેઠક યોજાશે.

● જન સત્યપથ પાર્ટી દ્વારા બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ, સે-૧૨ ખાતે પાર્ટીના ઉદઘાટન સમારોહ યોજાશે.

● હેપ્પી યુથ કલબ દ્વારા સવારે ૮.૦૦ કલાકે બોરીજ પ્રાથમિક શાળામાં ચોપડા વિતરણનો કાર્યક્રમ યોજાશે.

● ગાંધી મિત્ર વર્તુળની બેઠક સાંજે પાંચ વાગે ગાંધીજન અમૃતભાઈ ત્રિવેદીના નિવાસસ્થાન ૬૨૯, વાસ્તુનિર્માણ સોસાયટી, સે-૨૨ ખાતે મળશે.

## વાતવાતમાં

● પથિકાશ્રમથી વાવોલ તરફ જતા માર્ગ નં. ૩ પર અનેક સ્ટ્રીટલાઈટો બંધ હાલતમાં છે. સ્ટ્રીટલાઈટો સળંગ બંધ રહેતી હોવાથી રાત્રિના સમયે આ માર્ગ પરના વાહનચાલકો સહિત આ વિસ્તારના રહીશોને અંધારામાં ઘરે જવું પડે છે.

● શહેરમાં સવારથી જ વાતાવરણ ફરી એકવાર વાદળછાયુ રહેવા સાથે ભારે ઉકળાટભર્યો માહોલ સર્જાયો હતો જેના કારણે નગરજનોને વરસાદની આશા બંધાઈ હતી. જો કે સાંજના સુમારે શહેરની એકાદ-બે જગ્યાએ માત્ર વરસાદી છાંટા સાથે વરસાદે ફરી હાથતાળી આપી હતી.

● બપોરના સુમારે જિલ્લા પંચાયત સામેના ચ રોડ પર એક કાર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. સદભાગ્યે આ અકસ્માતમાં બાઈકચાલકને માત્ર નજીવી ઈજા સાથે અન્ય કોઈ મોટું નુકશાન થવા નહોતું પામ્યું.

# આજે દેશ માટે પ્રમાણિકતાપૂર્વક જીવવાની જરૂર : ભૂપેન્દ્રસિંહ ચુડાસમા

### સેકટર-૬ની સરકારી પ્રાથમિક શાળાના ૩૪૫ વિદ્યાર્થીઓને બે જોડી ગણવેશનું વિના મૂલ્યે વિતરણ કરાયું : ગણવેશના દાતાઓનું સન્માન કરાયું

ગાંધીનગર, તા.૨૪

‘સમાજમાં એવી માન્યતા પ્રવર્તે છે કે બધુ સરકારે કરવું જોઈએ, પરંતુ એવું શકય નથી. સમાજે પણ સરકારના કાર્યમાં ભાગ લેવો જોઈએ. આપણે આઝાદીના લડવૈયા શહીદો કે દેશની રક્ષા કરતા સૈનિકોની માફક જીવ આપવાની જરૂર નથી પરંતુ પ્રમાણિકતા અને નિષ્ઠાપૂર્વક દેશ માટે જીવવાની જરૂર છે.’ આ શિખ આજે રાજયના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ સેકટર-૬ ખાતે યોજાયેલ ગણવેશ વિતરણ કાર્યક્રમમાં બાળકોને આપી હતી.



શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ વાલીઓને પણ શિખામણ આપતા કહ્યું હતું કે તમારે શાળાના કાર્યથી માહિતગાર રહેવું જોઈએ અને ત્રુટિઓ તથા કચાશ દૂર કરવા શાળા પરિવારને મદદરૂપ બનવું જોઈએ. શાળામાં દાન આપતા દાતાઓ આધારસ્તંભ સમાન છે. તેથી તેમને બિરદાવવા અત્યંત આવશ્યક છે. શિક્ષણમંત્રીએ કાર્યક્રમના પ્રારંભ પૂર્વે વૃક્ષારોપણ કર્યું હતું. શાળાના ૧૩૪ કુમારો તથા ૧૧૧ કન્યાઓ સહિત કુલ ૩૪૫ વિદ્યાર્થીઓને બે જોડી નવા ગણવેશનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ગણવેશના દાતા નવિનભાઈ સાવલિયા સહિત તમામ દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણધિકારી નટવરસિંહ રાઠોડ, સાશનાધિકારી ડૉ. નિપાબેન, સે-૬ના કોર્પોરેટર રાકેશભાઈ પટેલ, ભાજપ અગ્રણી રૂચિરભાઈ ભટ્ટ, ભાજપ કાર્યકર શિરિશભાઈ તથા અન્ય અગ્રણી નિલેશભાઈ પંડયા ઉપસ્થિત રહ્યા હતા. શાળાના આચાર્ય ઈશ્વરભાઈ પટેલે મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. શાળાની બાળાઓએ સ્વાગત ગીત તથા દેશભકિત ગીત સાથે સુંદર નૃત્યો રજૂ કર્યા હતા.

## ટ્રેન નીચે આવી જવાની બે અલગ ઘટનામાં બે ના મૃત્યુ

### ભોંયણ રાઠોડ પાસે ટ્રેક પર પ્રૌઢ અને ખોરજ નજીક રેલવે ટ્રેક પર એક યુવતી ટ્રેન નીચે કપાઈ ગઈ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર નજીકના અલગ અલગ બે સ્થળોએ ૨૪ કલાકમાં ટ્રેન નીચે આવી જવાની ઘટનાઓ બનવા પામી છે. જેમાં એક પ્રૌઢ અને એક યુવતીનું ટ્રેક પર કપાઈ જવાથી મૃત્યુ થવા પામ્યું છે. બંને અલગ ઘટનાઓ અંગે પોલીસે ગુનો દાખલ કરીન ઘટનાની ઉંડી તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર નજીક આવેલા ભોંયણ રાઠોડ ગામમાં રહેતા ૫૦ વર્ષીય ભરતસિંહ લાલસિંહ ચૌહાણ ગઈ કાલે પોતાના ઘરેથી નીકળી ગયા હતા. રાતભર ઘરે પરત ફર્યા ન હતાં. પરિવારજનોએ શોધખોળ કરી તેમ છતાં ભાળ મળી ન હતી. દરમિયાન આજે બપોરના અરસામાં ભોંયણ રાઠોડ પાસેથી પસાર થતી રેલવે ટ્રેક પરથી ટ્રેન નીચે કપાઈ ગયેલી હાલતમાં તેમનો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતકના મોટાભાઈ વિક્રમસિંહ ચૌહાણે પેથાપુર પોલીસને ઘટનાની જાણ કરતાં એએસઆઈ લક્ષ્મણભાઈ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને મૃતદેહ પી.એમ. માટે મોકલી અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

તો બીજી તરફ ખોરજ ચાંદલોડીયા રેલવે ટ્રેક પરથી ખોરજ નજીક એક અજાણી યુવતીનો ટ્રેન નીચે કપાઈ ગયેલી હાલતમાં ગઈ સાંજે મૃતદેહ મળી આવ્યો હતો. આશરે ૨૫ થી ૩૦ વર્ષની અજાણી યુવતીનો મૃતદેહ અડાલજ પોલીસે પી.એમ. માટે મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને તેની ઓળખ માટે તપાસ શરુ કરી છે.

## આજે સરકારી પુસ્તકાલય-૨૧માં જુના સામાયિકો વેચાણમાં મુકાશે

ગાંધીનગર, તા.૨૪

સરકારી જિલ્લા પુસ્તકાલય સેકટર-૨૧ ગાંધીનગરની સંસ્થામાં તા.૨૫મી જૂને શનિવારના રોજ સવારના ૮.૩૦થી ૧૧.૩૦ કલાક દરમિયાન જુના સામાયિકો વેચાણ માટે મુકવામાં આવનાર છે. જેનો લાભ લેવા વાચકોને જિલ્લા ગ્રંથપાલ સરકારી જિલ્લા પુસ્તકાલય દ્વારા જણાવાયું છે.

## વૈષ્ણવ પરિષદના તેજસ્વી બાળકો સન્માનાશે

ગાંધીનગર, તા.૨૪

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ ગાંધીનગર શાખાના સભ્યોના પુત્ર-પુત્રી-પૌત્ર-પૌત્રી કે જે વર્ષ ૨૦૧૬માં ધો-૧૦ અને ૧૨માં ૭૦ ટકાથી વધુ ગુણ મેળવી ઉત્તીર્ણ થયેલ હોય તો તેમણે તેમની માર્કશીટની ઝેરોક્ષ નકલ હવેલી મંદિરના કાર્યાલયમાં તા. ૩૦મી જૂન સુધીમાં આપી જવા જણાવેલ છે. માર્કશીટની નકલ સાથે સરનામું, ટેલિફોન નંબર ફરજિયાત દર્શાવવાનો રહેશે તેમ પરિષદના પ્રમુખ રસિકભાઈ ગાંધી, મંત્રી હર્ષદભાઈ ગાંધીએ જણાવેલ છે.

## ‘ત્રિદલ’ સંસ્થાની ૨૬મીએ બેઠક

ગાંધીનગર, તા.૨૪

શિક્ષણ, સાહિત્ય, સમાજનો સહજ સમન્વય ‘ત્રિદલ’ સંસ્થાની જુન માસની માસિક વર્ષા બેઠક ગાંધીનગર શહેરના સાહિત્ય સર્જકો ‘મોસમનો પહેલો વરસાદ’ અંતર્ગત વર્ષા ગીતો રજુ કરાશે. સાહિત્ય રસિકો-ભાવિકોને તા. ૨૬મી જુનને રવિવારે સાંજે પાંચ વાગે ૭૯૦, નમન એપાર્ટમેન્ટ, મહારાષ્ટ્ર ભવન, સે-૨૧ ખાતે હાજર રહેવા શ્રી ભાનુપ્રસાદ પુરાણીએ જણાવેલ છે.

## ખોરજ કેનાલમાંથી મૃત હાલતમાં મળેલી યુવતી પાટણની : ચાર દિવસ પહેલા યુવતી ઘરેથી નીકળી ગઈ હતી

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર નજીક આવેલા ખોરજ ગામની સીમમાંથી પસાર થતી નર્મદા કેનાલમાંથી ગઈ કાલે એક યુવતીનો બિનવારસી મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસે તેની ઓળખ માટે ચક્રો ગતિમાન કર્યા હતા. આ યુવતી પાટણના એક ગામની હોવાનું ખુલ્યું છે. પાટણના દીગડી ગામની ૨૦ વર્ષીય રચના મોતીભાઈ રબારી ૨૦ તારીખે સવારે આઠેક વાગ્યે ખેતરે જવાનું કહીને પોતાના ઘરેથી ચાલી ગઈ હતી અને સગડ મળ્યા ન હતાં. તેણીએ કયા કારણોસર આપઘાત કર્યો તે બાબત હજુ બહાર આવી શકી નથી. અડાલજ પોલીસે તે દિશામાં તપાસ શરૂ કરી છે.

## સ્પર્ધાત્મક પરીક્ષાઓ અંગે કડી કેમ્પસમાં માર્ગદર્શન સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા.૨૪

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશન (બી.બી.એ)નાં પ્રથમ વર્ષનાં વિદ્યાર્થીઓને કોલેજ અભ્યાસની સાથે સાથે શરૂઆતથી જ સરકારી નોકરી મેળવવા માટે માર્ગદર્શન તેમજ તેના માટે આપવામાં આવતી જુદી જુદી સ્પર્ધાત્મક પરીક્ષાઓ કઈ રીતે સરળતા પૂર્વક પાસ કરી શકાય તે બાબતે જાણકારી આપવામાં આવી હતી.

સમગ્ર માર્ગદર્શન માટે કોલેજ દ્વારા બે તજજ્ઞ માર્ગદર્શકને આમંત્રણ આપવામાં આવ્યું હતું. જેઓ છેલ્લા ૧૦ વર્ષ થી ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા લેવાતી વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પોતાની સેવા આપી રહ્યા છે. રમેશભાઈ ચૌધરી તેમજ હિતેશ ઠાકોર દ્વારા વિદ્યાર્થીઓને વિવિધ સંસ્થાઓ દ્વારા લેવાતી પરીક્ષાઓ તેમજ તેના માટે આવશ્યક લાયકાત અને તેની સાથે સાથે કઈ સંસ્થા કયાં હોદ્દા માટે ભરતી પ્રક્રિયા હાથ ધરે તે બાબતે વિદ્યાર્થીઓને તલસ્પર્શી માહિતી આપી હતી. જેમાં તેમણે જણાવ્યું હતું કે ગુજરાત રાજ્યનાં વિવિધ વિભાગમાં લેવાતી પરીક્ષાઓમાં ગૌણ સેવા પસંદગી મંડળ વર્ગ ૩ ની વિવિધ જગ્યાઓ માટે તેમજ પંચાયત સેવા પસંદગી મંડળ રાજ્યની વિવિધ જીલ્લા પંચાયતો તેમજ તાલુકા પંચાયતોમાં સ્ટાફની નિમણુક માટે ભરતી પ્રક્રિયા યોજે છે. તેવી જ રીતે રાજ્ય સરકારનાં વિવિધ વિભાગોમાં વર્ગ ૧ નાં તેમજ ૨ નાં અધિકારી બનવા માટે જી.પી.એસ.સી ની પરીક્ષા લેવામાં આવે છે જયારે કેન્દ્ર સરકાર માં વર્ગ ૧ તેમજ ૨ માં ઉમેદવારી માટે યુ.પી.એસ.સી. ની પરીક્ષા તેમજ રેલ્વે, આર્મી, એરફોર્સ, નેવી સહીત અનેક વિભાગોમાં વિદ્યાર્થીઓ માટે સુવર્ણ તક ઉભી થતી હોય છે આથી અભ્યાસની સાથે સાથે આવી સ્પર્ધાત્મક પરીક્ષા માટેની તૈયારી તેમજ પરીક્ષા દરમ્યાન ધ્યાનમાં રાખવાનાં મુદ્દાઓ બાબતે છણાવટ કરી હતી. સમગ્ર વર્કશોપનું આયોજન કોલેજનાં આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિનાં માર્ગદર્શન હેઠળ ટ્રેનીગ અને પ્લેસમેન્ટ કમિટીનાં હેડ ડો. જયેશ તન્ના, ધર્મેન્દ્ર રાઠોડ તેમજ સમગ્ર ટીમ દ્વારા સફળતા પૂર્વક સંપન્ન કરવામાં આવ્યું હતું.



## ડી-માર્ટ અને અમુલ ડેરીમાં પ્લાસ્ટીક વિરોધી દળનો સપાટો

ગાંધીનગર, તા.૨૪

મહાનગરપાલિકા-કમિશનરની સુચનાથી તેમની બંને ટીમ પ્લાસ્ટીક મુકત ગાંધીનગર કરવા એકટીવ મોડમાં છે ત્યારે મહેશ મોડની ટીમે આજે સે-૨૬ સ્થિત ડી-માર્ટ મોલ અને સે-૨૫ સ્થિત અમુલ ડેરીમાં પણ દરોડા પાડી પ્રતિબંધીત પ્લાસ્ટીકનો જથ્થો પકડયો હતો.






ડી માર્ટમાંથી ૧૫ કિલો ૪૮૦ ગ્રામ, અમુલ ડેરીમાંથી ૧૪ કિલો ૪૨૦ ગ્રામ પ્લાસ્ટીક બેગનો જથ્થો જપ્ત કર્યો છે. તો ઉપરાંત મસાલાની કોથળીઓ સહિત કુલ ૪૩ કિલો ૪૬૦ ગ્રામ પ્લાસ્ટીક બેગ અને ૧ કિલો ૮૦૦ ગ્રામ ચાના પ્લાસ્ટીક કપનો જથ્થો જપ્ત કરી કાર્યવાહી કરવામાં આવી છે.

## સોમવારે બામસેફની સામાન્ય સભા યોજાશે

ગાંધીનગર, તા.૨૪

બામસેફ ગાંધીનગર જિલ્લા યુનિટ દ્વારા આગામી તા. ૨૭મી જૂનને સોમવારના રોજ સાંજે ૬.૦૦ કલાકે સેકટર-૧૨, ડૉ. આંબેડકર હોલ ખાતે સમાન્ય સભાનું આયજન કરવામાં આવ્યું છે. જેમાં રાજય પ્રમુખ એ.કે. દિવાકર ઉપસ્થિત રહી વર્ષ ૨૦૧૬-૧૭ માટે નવી કારોબારીની રચના કરશે. જેથી બહુજન સમાજના સર્વે અનુજાતિ, જનજાતિ, ઓબીસી ને લઘુમતી વર્ગના કર્મચારીઓને હાજર રહેવા બામસેફ પ્રભારી મનુભાઈ ચૌહાણે જણાવ્યું છે.

# સાઈ ખાતે વિશ્વ હેન્ડબોલ દિવસ ઉજવાયો

### ગુજરાતના હેન્ડબોલના ખેલાડીઓનું સન્માન કરાયું : શ્રીફળ વધેરી કેક કાપવામાં આવી : સાઈના રિજીયોનલ ડાયરેકટર આર.કે. નાયડુ ઉપસ્થિત રહ્યા : આંતરરાષ્ટ્રીય કોચ શશિમોહન ધુમાલના માર્ગદર્શનમાં મેચ પણ રમાડાઈ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરના સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા સંકુલ ખાતે ગઈ કાલે વિશ્વ હેન્ડબોલ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સાઈ સાથે જોડાયેલા ખેલાડીઓની બીએસએફ ટીમ સાથે મેચ પણ રમાડવામાં આવી હતી. કાર્યક્રમમાં સાઈના રિજીયોનલ ડાયરેકટર તથા ભૂતપૂર્વ હેન્ડબોલ ખેલાડી આર.કે. નાયડુ મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહ્યાં હતાં.

વિશ્વભરમાં તા.૨૩મી જુનને ‘હેન્ડબોલ દિવસ’ તરીકે ઉજવવામાં આવે છે. ગુજરાતમાં હેન્ડબોલની રમતનો સારો વિકાસ થયો છે. તેમાં સાઈ સંકુલનો સૌથી મોટો ફાળો છે. સાઈ ખાતે હેન્ડબોલના આંતરરાષ્ટ્રીય કોચ શશિમોહન ધુમાલના વર્ષોના સઘન પ્રયત્નોના કારણે ગાંધીનગર સહિત ગુજરાતમાં હેન્ડબોલની રમતને લોકપ્રિયતા મળવા સાથે આ રમતમાં ખેલાડીઓમાં રસ જાગૃત કરી આંતરરાષ્ટ્રીય સ્તરનું કોચિંગ આપવામાં આવ્યું છે. આ પ્રયત્નોના કારણે ગુજરાતના ૪૫ ખેલાડીઓ આંતરરાષ્ટ્રીય સ્તરે હેન્ડબોલ રમત રમી ચુકયા છે. હેન્ડબોલ દિવસની ઉજવણીમાં આ તમામ ખેલાડીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.





અત્યાર સુધીમાં આ ખેલાડીઓએ ગુજરાતને રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરે સુવર્ણ તથા રજત મળીને કુલ ૪૦ ચંદ્રકો જીતાડયા છે. સાઈ ખાતે યોજાયેલા હેન્ડબોલ દિવસની ઉજવણીના કાર્યક્રમમાં તમામ ખેલાડીઓ, કોચ તથા રમત સાથે સંકળાયેલા અધિકારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કેક કાપીને હેન્ડબોલ ડેની ઉજવણી કરવામાં આવી હતી તેમજ હેન્ડબોલની રમતની તાલીમ લઈ રહેલા પુરુષ તથા મહિલા ખેલાડીઓની બે અલગ અલગ મેચો પણ રમાડવામાં આવી હતી. હેન્ડબોલની રમતના ગ્રાન્ડમાં વિશ્વ હેન્ડબોલ દિવસના આંતરરાષ્ટ્રીય લોગોની રંગોળી પણ બનાવવામાં આવી હતી તથા ઉજવણીનો પ્રારંભ પરંપરાગત રીતે શ્રીફળ વધેરીને કરવામાં આવ્યો હતો.

## લાયન્સ કલબ દ્વારા મેડીકલ હેલ્પ લાઈન શરૂ કરાશે

ગાંધીનગર, તા.૨૪

લાયન્સ કલબ ગાંધીનગર શહેરીજન માટે એક મેડીકલ હેલ્પલાઈન શરૂ કરવા જઈ રહી છે. આ હેલ્પ લાઈન દ્વારા રાહતદરે ગાંધીનગરના નાગરિકોને મેડીકલ સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ માટે નાગરિકોને માહિતી પુસ્તિકા પુરી પાડવામાં આવશે. આ પુસ્તિકામાં મેડીકલ હેલ્પલઈન સાથે સંકળાયેલ ડોકટરોની યાદી તેમજ ડીસ્કાઉન્ટ કુપન બુક આપવામાં આવશે. આ ડીસ્કાઉન્ટ કુપન બુકનો ઉપયોગ મેડીકલ હેલ્પ લાઈન સાથે સંકળાયેલા ડોકટરના કલીનીક પર જઈને કરવાનો રહેશે. આ મેડીકલ સુવિધા દ્વારા રાહતદરે મેડીકલ ચિકિત્સા, સર્જરી, ફીઝીયોથેરાપી, દવાઓ, એમ.આર.આઈ., સીટી સ્કેન, લેબોરેટરી ટેસ્ટ, નર્સીંગ જેવી મેડીકલ ચકાસણીઓમાં રાહત આપવામાં આવશે.

આ અંગેની વિસ્તૃત માહિતી માટેનું કાર્યાલય અંધશાળા સે-૧૬ ખાતે લાયન્સ કલબના પૂર્વ પ્રમુખ લાયન ડૉ. એ.આર. પટેલ અને લાયન ડૉ. દિલીપભાઈ ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ કાર્યરત થશે. હેલ્પ લાઈન વિશે વધુ માહિતી મેળવવા માટે ડૉ. ગોવિંદભાઈ પટેલના મો.નં. ૯૯૨૪૧૪૩૩૦૨ ઉપર સંપર્ક કરવા જણાવાયું છે.

## ચિરવિદાય

● સ્વ. ઠાકોર મજીબેન કાળાજી, ઉ.વ.૫૦